અગત્યનું
મેઇલ માધ્યમે

પત્રક્રમાંક:મઉમશબ/માધ્યમિક/એચ./2023/ ૬૪૭
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા:-01/06/2023

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:- માર્ચ-2023 ધોરણ-10 એસ.એસ.સી. પરીક્ષાની ગુણચકાસણીની અરજી કરવા બાબત

માનનીયશ્રી,

માર્ચ 2023 ધોરણ 10 એસ.એસ.સી પરિણામ ઓનલાઇન તારીખ 25/05/2023ના રોજ જાહેર કરવામાં આવેલ હતું. જે ઉમેદવારો ગુણચકાસણીની અરજી કરવા ઇચ્છતા હોય તેઓ બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા ssc.gseb.org પર તા:-01/06/2023ના રોજ બપોરના 14:00 કલાકથી તા:-07/06/2023ના રોજ સાંજના 17:00 કલાક સુધી રજીસ્ટ્રેશન કરી ઓનલાઇન અરજી કરી શકાશે. ઓનલાઇન માધ્યમ સિવાય અન્ય કોઇ રીતે અરજી સ્વીકારવામાં આવશે નહીં.

ગુણચકાસણીની અરજી ઓનલાઇન કરવાની સૂચનાઓ અને ગુણચકાસણીની નિયત ફી ઓનલાઇન માધ્યમે ભરવાની સૂચનાઓ સાથે તા:-01/06/2023ની અખબારી યાદીથી જાણ કરવામાં આવેલ છે. આપના તાબાની માધ્યમિક શાળાઓને આ બાબતની જાણ થાય અને જો ગુણચકાસણીની અરજી કરવા ઇચ્છતા હોય તેવા ધો.10 એસ.એસ.સી. માર્ચ-2023ના પરીક્ષાના પરીક્ષાર્થીઓ સમયસર ઓનલાઇન માધ્યમે અરજી કરે તેવી જાણ આપના માધ્યમે થઇ જવા વિનંતી.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ:- ગુણચકાસણીની તા:-01/06/2023ની અખબારી યાદી

સવિનય નકલ રવાના જાણ સારું:-

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
2. માનનીય નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર



Scanned with CamScanner

જા.નં ૭૫૯૨/2023

તારીખ ૦૨/૦૬/2023

પ્રતિ,

આચાર્યશ્રી

સુરત જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓ,

તરફ જાણ તથા અમલ સારું — — —

District Education Officer
Surat. Dist. Surat

Scanned with CamScanner